શિક્ષકોની ભરતી માટે જગ્યા વધારો શિક્ષિત બેરોજગારોનો આક્રોશ

રાજયમાં ધોરણ-૬ થી ૮ માં જ ૨૦ હજાર શિક્ષકોની ઘટ, ટેટ-૨ પાસ ઉમેદવારોએ શિક્ષણમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૪

ટેટ-૨ પાસ શિક્ષિત બેરોજગારો આજે મોટીસંખ્યામાં ગાંધીનગરમાં એકત્રીત થયા હતા. રાજયમાં ધો-૬ થી ૮ માં શિક્ષકોની શિક્ષણની ભરતી અન્વયે શિક્ષકોની જગ્યા વધારવાની પ્રબળ માંગ સાથે ટેટ-૨ પાસ શિક્ષિત બેરોજગારોએ સુત્રોચ્ચાર કર્યા હતા. શિક્ષિત બેરોજગારોએ રજુઆતમાં જણાવ્યા અનુસાર રાજયમાં ધોરણ ૬ થી ૮માં ૨૦૮૦૦ શિક્ષકોની ઘટ છે. જ્યારે નિયમ મુજબ ૬૦ ટકા જગ્યા ભરવાની થાય તો પણ ૧૨૪૮૦ ખાલી જગ્યાને અનુલક્ષી ભરતી પ્રક્રિયા હાથ ધરવી પડે. પરંતુ માત્ર ૩૨૬૨ જગ્યાને અનુલક્ષી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ નિતીને લીધે રાજયમાં શિક્ષણનો ગ્રાફ નીચે આવી રહ્યો છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ રોજગારીથી વંચિત શિક્ષિત ઉમેદવારોને શોષણનો ભોગ બનતો અટકાવવા ભરતી પ્રક્રીયામાં જગ્યા વધારવમાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. શિક્ષિત બેરોજગારોએ આ અંગે શિક્ષણમંત્રીને આવેદન પત્ર આપ્યું હતું. જેમાં રજુઆતમાં જણાવ્યા અનુસાર ઉચ્ચ પ્રાથમિક વિદ્યા સહાયકમાં ધો-૬ થી ૮ માં ૩૨૬૨ જગ્યાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં હજુ વધારો કરવા માટે પણ રજુઆતમાં જણાવાયું છે. આ ઉપરાંત સરકારે અગાઉ બોન્ડ જાહેર કર્યા હોવા છતા જે શિક્ષકો નોકરી ધરાવે છે તેમણે પણ આ ભરતીમાં ભાગ લીધો છે. જેના લીધે મેરીટ પણ ઉંચુ જવાની સંભાવના છે. જેને ધ્યાને લઈ જે ઉમેદવારો નોકરીમાં લાગી ગયા છે. તેવા કિસ્સામાં પણ શિક્ષિત બેરોજગારોને યોગ્ય ન્યાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાંવાયુ છે.

૨૦,૮૦૦ જગ્યા ખાલી હોવાનો રોષ પણ શિક્ષિત બેરોજગારોએ ઠાલવ્યો હતો. ટેટ-૨ પાસ ઉમેદવારોએ શિક્ષકોની જગ્યા વધારવાની મુખ્ય માંગ સાથે આજે શિક્ષણમંત્રીને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી.

રાજયમાં ઉચ્ચ પ્રાથમિક

પેપર લીકમાં સીટીંગ જજથી તપાસ કરાવવા કોંગીની માંગ

અમદાવાદ, તા.૪

લોકરક્ષક દળના પેપર લીક કૌભાંડમાં વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં એલઆરડી પેપર લીક કૌભાંડમાં હાઈકોર્ટની સીટીંગ જજ મારફતે તપાસ કરાવવા ઉગ્ર માંગણી કરી હતી. ધાનાણીએ જણાવ્યું હતું કે, લોકરક્ષક દળના પેપર લીક કૌભાંડમાં ભાજપના મોટા માથાઓની સંડોવણી છે, સરકાર અને પોલીસ નાની માછલીઓ પકડીને સમગ્ર પ્રકરણમાં ભીનુ સંકેલવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ આ કૌભાંડમાં ભાજપના મોટા માથાઓ સંડોવાયેલા હોઈ મોટા મગરમચ્છોને પકડવાની સરકાર કાર્યવાહી કરે. વિપક્ષના નેતાએ રાજયના નવ લાખ ઉમેદવારોની માફી માંગવા મુખ્યમંત્રી વિજય રૂપાણીને કહી તેમના રાજીનામાની માંગણી કરી હતી. ધાનાણીએ વધુમાં લોકરક્ષક દળની પરીક્ષા રદ થયા બાદ માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા ત્રણ ઉમેદવારોનાં પરિવારોને આર્થિક સહાય આપવા રાજય સરકાર સમક્ષ માંગણી કરી છે. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ એલઆરડી પેપર લીક કૌભાંડ મામલે ભાજપ સરકારને આડા હાથે લેતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારે બેરોજગારીના ખપ્પરમાં હોમાયેલા યુવાનોનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરી ચુંટણી નજીક આવતા નોકરી આપવાના તાયફા જ કર્યા છે.

કાંકરિયા મલ્ટિલેવલ પાર્કિંગને લઈને નવા પ્રશ્નો

અમદાવાદ,તા.૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાતે આવતાં સેંકડો મુલાકાતીઓને ધ્યાનમાં રાખીને તેની સામે જ કરોડો રૂપિયાના ખર્ચે કાંકરિયા મલ્ટિલેવલ પાર્કિંગ ઊભું કરાયું છે, જોકે નાગરિકો અહીંયાં વાહન પાર્ક કરવાનું ટાળે છે. આ માટેનું મુખ્ય કારણ લિફટની સમસ્યા છે. વાહનો માટેની પાર્કિંગ લિફટની કાયમી સમસ્યાને લઈ અહીં આવતા મુલાકાતીઓ અને નાગરિકો વાહન પાર્કિંગ કરવાનું ટાળે છે. આ વિસ્તારમાં પાર્કિંગની આટલી ગંભીર સમસ્યા હોવાછતાં અમ્યુકો તંત્ર દ્વારા સત્વરે આ સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ લાવવામાં આવતું નથી, તેને લઈને હવે સવાલો ઉઠી રહ્યા છે.

ગાંધીનગર ડેપોને મુસાફર પાસ યોજના ફળી, ૧.૭૧ કરોડની તગડી આવક

મુસાફરોએ સસ્તી સવારી એસ ટી અમારીનુ સ્લોગન અપનાવ્યુ : ગત વર્ષની સાપેક્ષમાં દર મહીને 3 લાખનો વધારો : ગાંધીનગરના ૨૫૦૦ અપ-ડાઉનકર્તાઓ પાસે મુસાફર પાસ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર એસ ટી ડેપોએ મુસાફર યોજના અન્વયે ગત વર્ષ કરતા આ વર્ષે રૂ ૩૦ લાખ વધુ આવક કરી છે. હાલ ગાંધીનગર ડેપોમાંથી અપડાઉન કરતા મુસાફરો પૈકી ૨૫૦૦ જેટલા અપડાઉન કર્તાઓ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. મુસાફરોએ સસ્તી સવારી એસ ટી અમારીનુ સ્લોગન અપનાવી લીધુ છે. ચાલુ વર્ષ દરમિયાન જ ડેપોએ આ યોજના અન્વયે રૂ ૧.૭૧ કરોડની આવક કરી છે.

મુસાફર યોજના એસ ટી તંત્ર માટે આર્શીવાદરૂપ પુરવાર થઈ છે. ૧૫ દિવસનુ ભાડુ ભરો અને એક મહીનો મુસાફરી કરોની યોજના અન્વયે મુસાફરોનો ઉત્સાહ દિનપ્રદિન વધતો જાય છે. ગત વર્ષની સાપેક્ષમાં આ વર્ષે એસ ટી ડેપોએ વધુ ૩૦ લાખની આવક કરી છે. ગત વર્ષે માર્ચ થી ઓકટોબર દરમિયાન એસ ટી એ આ યોજના અન્વયે રૂ ૧.૪૧ કરોડની આવક મેળવી હતી. જયારે આ વર્ષે આ સમયગાળા દરમિયાન એસ ટી ડેપોએ રૂ ૧.૭૧ કરોડની આવક કરી છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૩૦ લાખ જેટલી વધુ છે. જયારે મુસાફરો પણ પ્રતિમાસ નવા જોડાતા જાય છે. શહેરી બસ સેવા માટે આ યોજના ઉત્તમ પુરવાર થઈ છે. હાલ ૨૫૦૦ થી વધુ મુસાફરો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. માત્ર ૧૫ દિવસનુ ભાડુ ચુકવી આખો મહીનો અપડાઉન કરવાની યોજનાનો મુસાફરો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. વર્ષ દરમિયાન ૨૫ હજાર જેટલા મુસાફરો આ યોજના અન્વયે મુસાફરી કરે છે. જયારે અપડાઉનકર્તાઓએ પણ સલામત સવારી એસ ટી અમારીનુ સ્લોગનની સાથે સસ્તી સવારી એસ ટી અમારી એ સુત્ર અપનાવી લીધુ છે. મુસાફર યોજના અન્વયે એસ ટી ડેપો પ્રતિમાસ રૂ ૩ લાખ વધુ રળે છે.મુસાફરો એસ ટી સેવાનો વધુ ઉપયોગ કરે તે માટે આવી યોજનાઓની સાથે મુસાફરોની સલામતીને ધ્યાને લઈ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી પણ શરૂ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ડિજીટલ ગોલ્ડ હેકેથોનમાં ભારતનું નામ રોશન કરતો શહેરનો યુવાન

ગાંધીનગર, તા.૪

એપલ, સેમસંગ, અને ઈન્ટેલ વગેરે જેવી વિશ્વ પ્રસિધ્ધ ઈલેક્ટ્રીનિક કંપનીઓ પોતાના વિવિધ ઉત્પાદનો માટે જેની ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેવી, યુરોપની સૌથી મોટી ઈલેક્ટ્રોનીક કંપની એએસએમએલ દ્વારા તાજેતરમાં વિશ્વ કક્ષાની કોમ્પ્યુટર કોડીંગ ચેલેન્જ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિશ્વના દરેક દેશોના મળીને કુલ-૫૦ સ્પર્ધકોને લાયક ગણીને નેધરલેન્ડ્સ કાતેના ત્રિ-દિવસીય ગોલ્ડ હેકેથોન માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ ઈવેન્ટ માટે ભારતના કુલ ત્રણ અને ગુજરાતમાંથી માત્ર એક સ્પર્ધકની પસંદગી થઈ હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે રહેતા પંકિલ પંડ્યા ગુજરાતમાંથી પસંદગી પામેલ એક માત્ર સ્પર્ધક હતા. તેઓ ગાંધીનગર મહાનગર પાલિકાના પૂર્વ કોર્પોરેટર પરાગીબેન પંડયા અને ગુજરાત રાજય સરકારના નિવૃત ઉપસચિવ કિલ્લોલ પંડયાના સુપુત્ર છે. પંકિલ પંડ્યાએ સમગ્ર વિશ્વના પ્રથમ ૫૦ લાયક ઉમેદાવોરમાં સ્થાન મેળવીને ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત તેમજ દેશને ગૌરવ અપાવ્યું છે.આ સિધ્ધી બદલ ચોતરફથી પંકિલ પંડ્યા પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

રાજ્યમાં હવે ઠંડીનો તીવ્ર ચમકારો

અમદાવાદમાં ફરીએકવાર લઘત્તમ તાપમાનમાં વધારો થયો છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી અને કંડલાએરપોર્ટ ખાતે ૧૩.૨ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ડિસામાં ૧૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ પ્રકારનું વાતાવરણ હાલ થોડાક દિવસ અકબંધ રહે તેવી શકયતા છે. અમદાવાદમાં પણ સવારમાં તીવ્ર ઠંડીનો ચમકારો હવે અનુભવાઈ રહ્યો છે. સવારમાં લોકો હવે ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. કંડલા એરપોર્ટ ખાતે પણ પારો ૧૩.૨ સુધી નીચે રહ્યો હતો. વહેલી સવારમાં અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરના ગાળામાં હજુ પણ લોકોને ઓછા પ્રમાણમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આમ હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઈ છે ત્યારે શિયાળાની ઠંડીપ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. મોટાભાગના લોકો મોડી રાત્રે ગરમ વસ્ત્રોમાં પણ નજરે પડવા લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. ફિટનેસ મેળવવા માટે જીમમાં જતા લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે.

લોકરક્ષક ભરતી પરીક્ષાથી પરત ફરતાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા વિજાપુરના યુવકને ચાર લાખની સહાય

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રવિવારે તા. ૨ ડિસેમ્બરે લોકરક્ષક ભરતી પરીક્ષામાંથી પરત ફરતાં એસ.ટી બસની ટક્કરથી અકસ્માતમાં મૃત્યુ પામેલા વિજાપુરના વડાસણ ગામના યુવાન જતીનસિંહ પ્રદીપસિંહ વિહોલના પરિવારજનોને ૪ લાખ રૂપિયાની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાની જાહેરાત કરી છે.

લોકરક્ષક ભરતીના પરીક્ષાર્થી જતીનસિંહ પ્રદીપસિંહ વિહોલ તેમના મિત્ર સાથે ગાંધીનગરથી મોટર બાઈક ઉપર વિજાપુર પરત ફરી રહ્યા હતા ત્યારે બાલવા ચોકડી પાસે એસ.ટી બસની ટક્કર વાગતાં જતીનસિંહનું અપમૃત્યુ થયું હતું.

કલોલ તાલુકા પોલીસે અકસ્માત સર્જનાર એસ.ટી બસના ચાલકની પણ અટકાયત કરી છે.

શહેર પેન્શનર પરિવાર પરિચય પુસ્તિકાનું વિમોચન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા પેન્શનર પરિવાર પરિચય પુસ્તિકા ૨૦૧૮નું વિમોચન કાર્યક્રમ કરી ગાંધીનગરના સેક્ટર પ્રતિનિધિ દ્વારા વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેમાં સેક્ટર-૭માં પેન્શનર્સ સમાજના મંત્રી દશરથલાલ એમ. પરમાર, સેક્ટર-૭-બી પ્લોટ નં. ૫૪૦/૨, ગાંધીનગરથી સેક્ટર-૭-બીના પેન્શનર્સ પ્રતિનિધિ (સભ્યોએ) રૂબરૂ આવી સાંજના ૩.૦૦ કલાકથી ૬.૦૦ કલાક દરમ્યાન મેળવી લેવા જણાવાયુ છે.

સે. ૭-ડી માં ગાંધીનર શહેર પેન્શનર્સ સમાજના કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટ પાસેથી પ્લોટ નં. ૧૨૪૨/૨ સે. ૭-ડીથી પરિચય પુસ્તિકા ૭-ડીના પેન્શનર્સ સમાજના સભ્યોએ મેળવી લેવા અનુરોધ કર્યો છે. સે. ૭-સીમાં પેન્શનર્સ સમાજના આજીવન સભ્યોએ મોહનભાઈ આરુદિયા પ્લોટ નં. ૧૦૦૧-એ સે. ૭-સી ખાતેથી મેળવી લેવા.

યશપાલસિંહ નિર્દોષ હોવાનો હવે પત્નિ દ્વારા કરાયેલ દાવો

અમદાવાદ, તા.૪

લોક રક્ષક દળની પેપર લીક કાંડનો મુખ્ય સુત્રધાર યશપાલસિંહ સોલંકી હજુ ફરાર છે. યશપાલસિંહની પત્ની દિવ્યાબા સોલંકી હાલ તેના પિયર લુણાવાડા તાલુકાના નાની પાલ્લી ગામમાં રહે છે. આ સમગ્ર કૌભાંડ મામલે પોતાના પતિનો લૂલો બચાવ કરતાં યશપાલની પત્નીએ જણાવ્યું હતું કે, મારા પતિ આવુ કામ કરી શકે જ નહીં કોઈ મોટા માથાઓએ તેમને ફસાવ્યા છે. યશપાલસિંહ પરિવારસને ૧૫ દિવસ પહેલા વાત થઈ હતી. તેણીએ વધુમાં જણાવ્યું હતું કે, મારા પતિ પાસે એટલા રૂપિયા જ નહોતા કે તેઓ દિલ્હી જઈ શકે. વધારાના ખર્ચ માટે પણ યશવંત ઘરેથી પૈસા લઈ જતો હતો. તેમનો ફોન બંધ આવે છે. મારા પતિ ગુમ થવાથી અમારો પરિવાર ચિંતામાં મુકાઈ ગયો છે. મારા પતિ નિર્દોષ છે.

ગાંધીનગરનાં શહેર ભાજપ મીડિયા સેલના કન્વીનરની કારનો અકસ્માત, એરબેગ ખુલી જતાં બચાવ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર ભાજપના મીડિયા સેલના કન્વીનર વિનોદ ઉદેચાનો માર્ગ અકસ્માતમાં અદ્‌ભુત બચાવ થયો છે. જેમાં પોતાની કારમાં ઘર તરફ જઈ રહેલા જલારામ સમાજના આ યુવા અગ્રણીની કારના ફુરચા બોલાવી સામેથી આવેલી કાર એક બંધ ગલ્લો, ફૂટપાથ અને ટાયરો ઉડાવીને ઘરમાં અથડાઈ હતી. જો કે આ ગંભીર અકસ્માતમાં એરબેગ ખુલી જવાના કારણે બચી ગયેલા વિનોદ ઉદેચાને કમર અને મણકામાં ઈજાઓ થતા એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં ખુલ્લા રાજમાર્ગો પર માર્ગ અકસ્માતોની સંખ્યા પણ પુરઝડપે વધી રહી છે. જેમાં ગઈરાત્રે ઘ-૩ (પથીકા) સર્કલથી વાવોલ તરફ જતા માર્ગ પર ગંભીર અકસ્માત સર્જાયો હતો. ગાંધીનગર શહેર ભાજપના મીડિયા સેલના કન્વીનર વિનોદ ઉદેચા પોતાની આઈ-૨૦ કાર લઈને ઘર તરફ જવા વળી રહ્યા હતા ત્યારે સેક્ટર-૬/૧૨ ચોકડી નજીક એમઆરએફ ટાયર્સના શૉ રૂમ પાસે સામેથી પુરઝડપે આવેલી એક બોલેરો કાર ધડાકા સાથે તેમની કાર જોડે અથડાઈ હતી. જેમાં આઈ-૨૦ કારના ફૂરચા બોલાઈ જવા સાથે બોલેરો કાર રોડની પાસે રહેલા એક ગલ્લા અને ફૂટપાથને તોડી બાજુમાં ઉપર ચઢી ગઈ હતી.

જ્યારે ટાયર્સના શૉ રૂમ પાસે પડેલા ટાયરોને ઉડાવી બોલેરો કાર મકાન સાથે અથડાઈ હતી. જેમાં દાહોદનું પાસીંગ ધરાવતી આ કારમાં બેઠેલા બે લોકો ઉતરીને નાસી ગયા હતા.

આ અકસ્માતમાં ગાંધીનગર જલારામ સમાજના યુવા અગ્રણી વિનોદ ઉદેચાના સદનસીબે કારની એરબેગ ખુલી જતા તેમનો બચાવ થયો હતો. આમ છતાં તેમની કમરે અને મણકામાં ઈજાઓ થતા સેક્ટર-૩માં એક ખાનગી હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા છે.

આ બનાવ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

હરખજીના મુવાડા ખાતે ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સર્વોદય વિદ્યા વિહારના બાળકોને ટીબીના લક્ષણો, નિદાન અને સારવાર અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, એસટીએસ અશોક વિરગામા અને હરખજીના મુવાડા પેટા આરોગ્ય કેન્દ્રના જાગૃતિબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

શિક્ષક સહાયના ચેક વિતરણ સાથે શ્રેષ્ઠ શિક્ષકો-તેજસ્વી તારલા, ખેલાડીઓ અને નિવૃત્તોને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષક સહાય યોજના અંતર્ગત સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ તા. ૧લી ડિસેમ્બરે બપોરે ૩.૧૫ કલાકે જિલ્લા શિક્ષક ભવન ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ અધ્યક્ષસ્થાને તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.બી. પંડ્યા, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મહામંત્રી બળદેવભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી ગુણવંતભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જીતેન્દ્રભાઈ મોદી તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

શિક્ષક સહાય યોજના અંતર્ગત કિડનીની બિમારીના શિક્ષકને રૂ. ૫ હજારનો ચેક તથા ચાલુ સર્વિસે મૃત્યુ પામાનર ત્રણ શિક્ષકોના વારસદારોને રૂ. ૧૦ હજારના ચેકો અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં શિક્ષકોના ૧૪ તેજસ્વી સંતાનોને પણ ચાંદીની મુદ્રાથી સન્માનવામાં આવ્યા હતા અને ૧૧૩ શિક્ષકોને શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં રાજ્ય તાલુકા-જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર શિક્ષકોને સ્મૃતિચિહ્ન આપી સન્માનવામાં આવ્યા હતા તેમજ નિવૃત્તિ પામનાર ૪ હોદ્દેદારો તથા ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનાર ૫ શાળાઓ અને રમતગમતમાં મેડલ મેળવનાર ખેલાડી શિક્ષકોને પણ નવાજવામાં આવ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન પી.ટી. ઠાકોર અને આભારવિધિ જીગર પટેલ દ્વારા કરાઈ હતી.

સોલા સિવિલમાં સીસીટીવી કેમેરા-લિફ્ટ બંધ સ્થિતિમાં

અમદાવાદ, તા.૪

શહેરના એસજી હાઈવે પર આવેલી સોલા સિવિલ હોસ્પિટલમાં નઘરોળ તંત્રના કારણે ગેરવ્યવસ્થાના છાશવારે અવનવા ઉદાહરણ પ્રકાશમાં આવી રહ્યાં છે ત્યારે દર્દીઓની સુખ-સુવિધા માટે વિવિદ પ્રોજેક્ટ લાખો રૂપિયાના ખર્ચે અમલમાં મુકાતા હોવા છતાં સત્તાવાળાઓની આળસના કારણે તેનો ખાસ લાભ મળી શકતો નથી. જેનું ઉદાહરણ સોલા સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડિંગ તેમજ જૂના બિલ્ડિંગના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં જોવા મળે છે તો બીજી બાજુ હોસ્પિટલની લિફ્ટ બંધ હોવાથી દર્દીઓને ૧૦ માળ ચઢીને જવું પડે છે તેમ છતાં તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. સોલા સિવિલ સત્તાધીશોના અણઘડ આયોજન અને ગંભીર બેદરકારીને લઈ હાલ તો ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓ ભોગ બની રહ્યા છે અને ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ હોસ્પિટલોનું અપગ્રેડેશન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરનાં એસ.જી. હાઈવે પર આવેલી સોલા સિવિલ હોસ્પિટલમાં રૂ. ૮૪ લાખને ખર્ચે આઈસીયુ, સ્પે. રૂમ સાથે વધુ ૧૫૦ પથારીની અદ્યતન સુવિધા સાથેની ૧૦ માળનું ઓપીડી બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે, પરંતુ નવા બિલ્ડિંગનું લોકાર્પણ થયું ત્યારથી જ દર્દીઓ હેરાન-પરેશાન થઈ જાય છે, કારણ કે નવા બિલ્ડિંગમાં પાણીના પ્રશ્નનો છેલ્લા કેટલાય સમયથી ઉકેલવામાં નથી આવતો, જેના કારણે બહારથી પાણી લાવવું પડે છે તો બીજી બાજુ નવા બિલ્ડિંગમાં એક્સ-રે મશીન બંધ જેવી અનેક સમસ્યાઓ સર્જાતી રહી છે. નવા બિલ્ડિંગમાં લિફ્ટની બહાર માત્ર સ્ટાફને જ લિફ્ટનો ઉપયોગ કરવો તેવું બોર્ડ મારવામાંઆવ્યું છે ત્યારે દર્દીઓને ચેક કરવા માટે સીડીઓ ચઢીને જવું પડે છે. તેમજ અનેક વખત સોલા હોસ્પિટલમાં ચોરી, મારામારી જેવા અનેક બનાવ છાશવારે બનતા હોય છે, જેનો ભેદ ઉકેલવામાં પોલીસ લાચાર બની છે, જેનું કારણ માત્ર બંધ પડેલા સીસીટીવી કેમેરા છે ત્યારે નવા બિલ્ડિંગમાં મુકેલા સીસીટીવી માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા જેવા લાગે છે, સીસીટીવી મુકેલા છે પરંતુ કેબલ નાખ્યો નથી, જેથી મોટાભાગના કેમેરા બંધ જોવા મળે છે તો સોલા જૂના બિલ્ડિંગમાં છ લિફ્ટ આવેલી છે પરંતુ તેમાંથી માત્ર ને માત્ર બે જ ચાલુ અને તેમાંથી એક લિફ્ટ તો ૬ માળ સુધી જ જાય છે.

ડાયાલિસિસના દર્દીઓને ૧૦ માળે ચાલીને જવું પડે છે અનોખ વખત રજૂઆત કરવામાં આવે અને ચાલુ પણ કરવામાં આવે તે થોડા દિવસ પછી જે પરિસ્થિતિ હતી તેજ થઈ જાય છે. આમ, સોલા સિવિલ હોસ્પિટલ સત્તાધીશોની ગંભીર ઉદાસીનતા અને બેદરકારીના કારણે ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના સગાવ્હાલાઓ ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે અને ત્રાહિમામ્ પોકારી ઉઠયા છે ત્યારે રાજ્ય સરકારે દરમ્યાનગીરી કરી આ મામલે તાકીદે નિર્દેશો જારી કરવા જોઈએ.